વરસાદની સાથે... સાથે...

- પરોઢિયે શરૂ થયેલ વરસાદ ચાર કલાકમાં ચાર ઈંચ વરસ્યો.
- બપોરા કરીને પુનઃ શરૂ થતા બે ઈંચ વરસાદ ખાબકયો.
- શહેરના મુખ્ય ચ અને ઘ રોડની એક સાઈડ પર પાણી ભરાયા.
- લાંબા વિરામ બાદ ખાબકેલા વરસાદથી નગરજનોએ ઘ-૪ સેન્ટ્રલ વિષ્ટા ગાર્ડનમાં ચાલુ વરસાદમાં ભીંજાવાની મોજ માણી.
- રવિવારની રજાના કારણે નગરજનોએ મનભરીને વરસાદમાં મોજ કરી.
- સે-૧૧ રામકથા મેદાન વરસાદી પાણી ભરાવાથી બેટ બન્યું. જેસીબી મશીન દ્વારા નીક બનાવી પાણીને વહેતું કરાયું.
- મહાત્મા મંદિરથી રેલવે સ્ટેશન જવાના માર્ગ પર મોટો ભૂવો પડયો.
- વરસાદમાં વેપાર કરવા બેઠેલા વેપારીએ આખો દિવસ ગ્રાહકોની કાગડોળે રાહ જોઈ.
- ગાંધીનગરનું ઈમરજન્સી ફાયર સ્ટેશન ખુદ ઈમરજન્સીમાં આવી ગયું. ફાયર સ્ટેશન તળાવ બની ગયું.
- શહેરના મુખ્યમાર્ગો પર અનેક વૃક્ષો ધરાશાયી થયા. વાહન ચાલકોએ માર્ગ બદલવો પડયો.
- સે-૨૨ નવરાત્રિ મેદાન બેટ બન્યું.
- નગરજનોએ ચાલુ વરસાદે ગરમ ગરમ ભજીયાનો સ્વાદ ચાખ્યો.
- મુખ્ય માર્ગો પર મકાઈ, મગફળી વેચતા લારીઓ ઉપર ભીડ જોવા મળી. મન મુકીને મકાઈ ખાધી.
- શહેર સ્થિત સે-૧૧, ચ-૩ મેદાન અને સેકટર-૬ સ્થિત કલ્ચરલ નવરાત્રી મેદાન સ્થિત બાલનગરીમાં પાણી ભરાઈ ગયા. હાલ પુરતી બાલનગરી બંધ.
- શહેરમાં ૨૦૦૦ જગ્યાએ પાણી ભરાયા.
- સેકટર-૨૨ સ્થિત બંને બગીચાઓ બેટમાં ફેરવાયા.

રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ ભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે જેના કારણે આગામી દિવસોમાં લોકોને સાવધાન રહેવાની ફરજ પડશે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારો પર લો પ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે જેના પરિણામ સ્વરુપે આગામી ચાર દિવસ દરમિયાન અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના થોડાક ભાગોમાં, દિવ અને દમણ, દાદરાનગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છમાં પણ ઘણા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહી શકે છે.

હાડકું ભાંગે તો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જતા વિચારજો...

ઓર્થોપેડિક ઓપરેશનના સાધનો ચાલતા નથી કહી વૃદ્ધાને અમદાવાદ લઈ જવા કહેવાયું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં આજે એક વૃદ્ધ મહિલાને સીડીઓમાં પડી જવાથી હાથે ખભાથી કોણીના ભાગે વચ્ચે ફ્રેક્ચર થયું હતું અને હાથ તુટી જવા પામ્યો હતો. આ વૃદ્ધાને સારવાર માટે નગરની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના ડૉક્ટરે તેમને ઓપરેશન કરવું પડશે તેવું નિદાન કર્યું હતું.

આ સાથે તેમણે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક ઓપરેશન માટેના સાધનો ચાલતા નથી તેથી ઓપરેશન થઈ શકશે નહી તેવું જણાવી દર્દીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવા સલાહ આપવામાં આવી હતી. હેબતાઈ ગયેલા વૃદ્ધાના પરિવારજનો અંતે તેમને અમદાવાદ લઈ જવા રવાના થઈ ગયા હતા.

ઉવારસદમાં પત્નિએ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી હોવાની શંકા

મૃતક યુવાનના પિતાની ફરિયાદને આધારે ગુનો દાખલ : પત્નિ અને પ્રેમી શકમંદ

ગાંધીનગર, તા. ૨૬

ઉવારસદ ગામમાં સ્થિત ખાંટ વાસમાં રહેતો ૨૮ વર્ષીય યુવાન રાત્રે ઘર આંગણે સુઈ ગયો હતો. ત્યારબાદ સવારે ત્યાંજ મૃત હાલતમાં મળ્યો હતો. આ પ્રકરણમાં મૃતકના પિતાએ અડાલજ પોલીસ મથકે હત્યાની ફરિયાદ નોંધાવી છે. ફરીયાદમાં શંકમંદ તરીકે મૃતકની પત્નિ અને તેનો પ્રેમી હોવાનો ઉલ્લેખ કરતા પીઆઈએ તે દિશામાં ઉંડી તપાસ શરુ કરી છે.

ઉવારસદ ગામના ૨૮ વર્ષીય યુવાન શૈલેષજી બુધાજી ઠાકોરનું મૃત્યુ થયા બાદ પોસ્ટ મોર્ટમમાં તેને ગળે ટુંપો આપી કોઈએ હત્યા કરી નાંખી હોવાનું બહાર આવ્યું હતું. જેને પગલે મૃતક યુવાનના પિતા બુધાજીએ હત્યાની ફરિયાદ આપતા અડાલજ પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે. મૃતકની પત્નિ તેજલ ઠાકોર અને પ્રેમી અશોક પ્રહલાદ ઠાકોરે કાંટો કાઢવા હત્યા કરી નાંખી હોવાની શંકા છે. જેને આધારે ફરિયાદમાં પણ બંને શકમંદોના ઉલ્લેખ કરાયા છે. અડાલજ પીઆઈ કે.કે. પંડયાએ ગુનો નોંધી તે દિશામાં તપાસ શરુ કરી છે. મળતી માહિતી મુજબ પતિ-પત્નિ વચ્ચે પણ મોટો ઝઘડો થયો હોવાનું પડોશીઓના નિવેદનોમાં બહાર આવ્યું છે.

દેહ વ્યાપારનું ધામ બનેલી ઝાડીઓનું ટ્રીમીંગ કરવા આદેશ

જિલ્લા પોલીસે વન વિભાગને ઘ-૦ અને ચ-૦ સહીતની પંકાયેલી ઝાડીઓને રસ્તા પરથી જોઈ શકાય તેવી ક્લીન કરવા પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર ચ-૦, ઘ-૦ અને ગ-૦ સર્કલ પાસેની ઝાડીઓ દેહવ્યાપાર જેવા અનૈતિક વ્યવસાયનું ધામ બની ગયેલુ છે ત્યારે હવે પોલીસે આ જગ્યા જ સાફ કરી દેવા કવાયત શરૂ કરી છે. આ પંકાયેલી ઝાડીઓનું બહાર રસ્તા પરથી પણ અંદર સ્પષ્ટ દેખી શકાય તેવી રીતે ટ્રીમીંગ કરવા માટે વન વિભાગને પત્ર લખવામાં આવ્યો છે. ન રહેગી બાંસ... ન બજેગી બાંસુરી..!

ગાંધીનગર શહેરના ચ-૦, ઘ-૦ અને ગ-૦ સર્કલ ઉપરાંત ગાંધીનગર-સરખેજ હાઈવે પરના અડાલજ, ખોરજ બ્રીજ તથા છેક ગોતા સુધીની ઝાડીઓમાં થોડા-થોડા અંતરે દેહ વ્યાપારની પ્રવૃત્તિઓ ચાલે છે. આ સ્થળો પર પોલીસની ઘણીવાર રેડ પડી પરંતુ બીજે દિવસે જ જૈસે થે સ્થિતિ..! પોલીસ પણ હવે દરોડા પાડીને થાકી..! આખરે ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલાએ જિલ્લા વન તંત્રને પત્ર લખી આદેશ કર્યો છે કે આ તમામ અનૈતિક પ્રવૃત્તિઓનું ધામ બની ગયેલી ઝાડીઓને ટ્રીમીંગ કરીને ક્લીયર કરી નાંખવામાં આવે. બહારના રસ્તા પરથી અવરજવર કરતા વાહનચાલકોને અંદરની જગ્યા સાફ દેખાય તેવી રીતે ટ્રીમીંગ કરવાનું સુચન કરવામાં આવ્યું છે. જેથી ત્યાં ઝાડીઓની આડમાં આ પ્રકારની અનૈતિક પ્રવૃત્તિઓ થઈ જ ન શકે..!

પેન્શનર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાયા

શહેર પેન્શનર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ રવિવારે બપોરે યોજાયો હતો. સંસ્થાના પદાધિકારીઓ દ્વારા પરિવારના પૌત્ર-પૌત્રીઓ, દોહિત્ર-દોહિત્રીઓને ઇનામ આપી સન્માનાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના પેન્શનરો હાજર રહ્યા હતા. ગાંધીનગર શહેર પેન્શનર સમાજ પ્રતિવર્ષ સન્માન કાર્યક્રમ આયોજે છે. સંસ્થાના પદાધિકારીઓ સર્વશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, જે. બી. ભટ્ટ, સૂર્યકાન્ત બારોટ, એમ. સી. નાયક વિગેરે ભારે જહેમત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગુજરાતીમાં પણ સારી ફિલ્મો બનશે તો દર્શકો દરવાજો તોડીને પણ જોવા આવશે : શિવા

હમ ફિલ્મના કેપ્ટન ઝેડએક ફેઈમ બોલીવુડના ગુજરાતી વિલન શિવાનું મોન્સુન મહોત્સવનું પરફોર્મન્સ વરસાદે ધોઈ નાંખ્યુ : ૧૭૦ હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા શિવાને રીંગણાનો ઓળો ખૂબ ભાવે છે : અમિતાભ બચ્ચન બનવા હાજીઅલી દરગાહે ઘૂંટણિયે ચાલીને જવાની માનતા માની હતી

(સમીર રામી દ્વારા),

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના ચ-૩ સર્કલ પાસેના મેદાનમાં ચાલી રહેલા મોનસુન મહોત્સવ આનંદ મેળામાં શનિવારે સ્ટેજ શૉ પરફોર્મ કરવા બોલીવુડના જાણીતા વિલન ગુજરાતી અદાકાર શિવા આવ્યા હતા. જો કે અચાનક વરસેલા વરસાદના કારણે તેમનો શૉ રદ કરવો પડયો હતો. પરંતુ શિવાએ ગાંધીનગર સમાચાર સાથે હળવા મુડમાં ઘણી બધી વાતો કરી હતી.

મૂળ રાજકોટમાં નાગર જ્ઞાતિમાં જન્મેલા શિવાએ બોલીવુડમાં અમિતાભ બચ્ચન સાથે હમ ઉપરાંત ગોપી કિસન, મૈં ખિલાડી, તુ અનાડી સહિત આશરે ૧૭૦ હિન્દી અને ગુજરાતી સહિતની અન્ય ભાષાઓમાં આશરે ૨૦ ફિલ્મમાં અભિનય આપ્યો છે. આમ તો શિવાની પ્રથમ ફિલ્મ ઘર એક મંદિર હતી પરંતુ તેઓએ કયામત સે કયામતમાં જુહી ચાવલાના ભાઈની ભજવેલ ભૂમિકાથી લાઈમલાઈટમાં આવ્યા હતા. શિવાએ તેમનો શાળાકીય અભ્યાસ રાજકોટમાં કર્યો હતો અને ત્યારબાદ બરોડા ખાતે સિવિલ એન્જીનીયરીંગ કર્યુ હતુ એટલે જ તેમને રાજકોટના રેલવે સ્ટેશને મળતા લસણિયા ભજીયાં અને બરોડાના સુરસાગર તળાવ પાસેના લારીલપ્પાની ચટાકેદાર વાનગીઓ હજુ પણ યાદ છે. ભલે એન્જિનીયરીંગ કર્યુ પણ મનમાં એક્ટિંગનું ભૂત સવાર હતુ એટલે કોલેજ પતાવી તુરંત જ મુંબઈ ઉપડી ગયા. શરૂઆતના તેમના સ્ટ્રગલ પિરિયડને યાદ કરતા તેમણે કહ્યું કે પંજાબીઓના વર્ચસ્વ ધરાવતી ઈન્ડસ્ટ્રીઝમાં ગુજરાતી છોકરાને જોઈ બધા હસતા હતા. પરંતુ આત્મ વિશ્વાસ અને ધગશ સાથેની અવિરત મહેનતના કારણે તેઓ બોલીવુડમાં

તેમનું સ્થાન બનાવી શક્યા છે.

બોલીવુડના બાદશાહ અમિતાભ બચ્ચનના મ્હોફાટ વખાણ કરતા શિવાએ જણાવ્યું હતું કે બચ્ચન સાહેબે સ્ટારડમને અલગ જ સ્ટેટસ આપ્યું છે. તેઓની આભા જ એટલી છે કે એંગ્રી યંગ મેનની ઈમેજ હોવા છતાં તેઓ પા ફિલ્મમાં બાળક પણ બની શકે છે અને પીકૂ ફિલ્મમાં સડિયલ બુઢ્ઢા પણ બની શકે છે. અમિતાભ સાથે દિલીપકુમાર પણ શિવાના ફેવરિટ કલાકાર છે પરંતુ શિવા બોલીવુડમાં શક્તિકપૂરથી સૌથી વધુ પ્રભાવિત છે અને તેમની પ્રેરણાદાયી હૂંફના લીધે જ હિન્દી ફિલ્મોમાં સ્થાન બનાવી શક્યાનું નિખાલસપણે કબૂલ કરે છે. બંગાળી પત્નિ શર્મિલા અને બે પુત્રીઓના પિતા શિવાએ રોશન તનેજાની એક્ટિંગ સ્કૂલમાંથી અભિનયની તાલીમ પણ મેળવી છે. તેમણે વિલન બનવા એક્શન માટેની ટ્રેનિંગ લીધી છે પરંતુ કોઈ જ માર્શલ આર્ટ જાણતા નથી. છતાં વિલનના કિરદારને અસરકારક ન્યાય આપી શક્યા છે.

હમ ફિલ્મમાં કેપ્ટન ઝેડએકના પાત્રથી ગોપી કિશન ફિલ્મમાં 'શરદ કાણા, સબસે શાણા'ની પંચલાઈનથી લોકપ્રિયતા હાંસલ કરનાર શિવાને માધુરી દિક્ષિત, વહીદા રહેમાન અને મધુબાલા પ્રિય છે. મુંબઈની હાજીઅલીની દરગાહે એક સમયે 'અમિતાભ બચ્ચન' બનવા ઘુંટણિયે દર્શન કરવા આવવાની માનતા રાખનારા શિવાને હજુ દિલીપકુમાર સાથે કામ કરવાની ઈચ્છા અધુરી છે. શિવાનો રીંગણનો ઓળો ખૂબ જ ભાવે છે અને તેમના ઘરમાં હજુ પણ ગુજરાતી માહોલ જીવંત છે. રમેશ મહેતા અને અરવિંદ ત્રિવેદીને પોતાના ફેવરિટ ગુજરાતી અભિનેતા માનતા શીવાના મતે ગુજરાતી ફિલ્મોને સ્તર ઊંચુ લાવવા સરકારે મદદ કરવી જોઈએ. તેમના મતે બોલીવુડની ફિલ્મો સ્ટાર્સથી ચાલે છે જ્યારે સાઉથની ફિલ્મો વધુ પ્રોફેશનલ અને ઈનોવેટીવ છે. શિવા કહે છે નવી પેઢીએ ગુજરાતી ફિલ્મોમાં પ્રયત્ન કરવો જોઈએ અને જો સારી ફિલ્મો બનશે તો દર્શકો તો દરવાજો તોડીને પણ જોવા આવશે જ.

@ ગાંધીનગર...

- ભગવાન લકુલીશ પરિવારના ચતુર્થ કુલગુરૂ પ.પૂ. રાજર્ષિ મુનિશ્રી આજે ગાંધીનગર પધારશે.
- ગાંધીનગરની નાની બાળાઓ આજથી ગૌરીવ્રતનો પ્રારંભ કરશે.

- દિલીપ પ્રજાપતિ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૮

તાપમાન

મહત્તમ : ૨૫.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૬ ટકા

વરસાદ

ગઇકાલે ૫.૩૦ થી સવારે ૮.૩૦ સુધી

૧૦૩ મી.મી.

સવારે ૮.૩૦ થી ૫.૩૦ સુધી

વરસાદ : ૩૩ મી.મી.

સિઝન કુલ : ૨૫૬ મી.મી.

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :

બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

બજરંગી ભાઈજાન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦

બાહુબલી : ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

એન્ટ મેન (હિન્દી) : ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫

એન્ટ મેન (અંગ્રેજી) : ૫.૧૫

બજરંગી ભાઈજાન : ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

બજરંગી ભાઈજાન : ૧૦.૦૦, ૯.૩૦

ઐસા યે જહાં : ૧.૦૦

બાહુબલી : ૬.૩૦

સ્ક્રીન-૫ :

બજરંગી ભાઈજાન : ૯.૩૦

બાહુબલી : ૧૨.૩૦, ૩.૩૦

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર-વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.